## અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે, તેની વિગત નીચે મુજબ છે.
## (ઉમેદવારે અરજી ફોર્મ આપતાં પહેલાં આ બાબતો ધ્યાનમાં લેવી.)

(૧) અરજી આયોગે નિયત કરેલ અરજી પત્રકમાં ન હોય.

(૨) અરજીમાં વિગતો અધૂરી કે અવાચ્ય હોય.

(૩) ડાઉનલોડ કરેલ અરજીપત્રકના તમામ પાનાઓ (પૃ.૧થી૪) સંપૂર્ણ રીતે આયોગની કચેરીને મોકલી આપવામાં આવેલ ન હોય.

(૪) અરજી અને/અથવા પરિશિષ્ટમાં ઉમેદવારની સહી ન હોય.

(૫) અરજી અને/અથવા પરિશિષ્ટમાં કેપીટલ લેટરમાં સહી કરેલ હોય.

(૬) અરજી અને/અથવા પરિશિષ્ટ ફેકસથી કે ઈ-મેઈલથી મોકલાવેલ હોય.

(૭) અરજી અને/અથવા પરિશિષ્ટમાં તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ લગાવેલ ન હોય.

(૮) અરજી અને/અથવા પરિશિષ્ટમાં પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફની ઝેરોક્ષ લગાવેલ હોય.

(૯) અરજી અને પરિશિષ્ટ બે માંથી એક જ મોકલાવેલ હોય.

(૧૦) અરજી સાથે પૂરેપૂરી ફી ભરેલ ન હોય.

(૧૧) અરજી ફી ભરેલ હોય, પરંતુ ભારતીય પોસ્ટલ ઓર્ડર જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખ પહેલાનો ખરીદેલ હોય.

(૧૨) એક જ ગ્યા માટે એક કરતાં વધુ અરજી કરેલ હોય.

(૧૩) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ તથા શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારે અરજી પત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજૂ થયેલ ન હોય.

(૧૪) માજી સૈનિક તરીકે ડિસ્ચાર્જ બુકની નકલ રજૂ કરેલ ન હોય.

(૧૫) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારે તાજેતરના પુરા થયેલા નાણાકીય વર્ષનું અર્થાત્ તા.૦૧-૦૪-૨૦૦૯ બાદનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

(૧૬) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ / પદવી પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૧૭) જન્મતારીખ માટે એસ.એસ.સી. પ્રમાણપત્રની નકલ (કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય તે) રજૂ કરેલ ન હોય. (સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ માન્ય નથી.)

(૧૮) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં આપે મેળવેલ પદવી એમ.સી.આઈ. માન્ય છે તેવું યુનિવર્સિટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય. / અદ્યતન રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

(૧૯) ઉમેદવારે અરજી પત્રકમાં અનુભવ દર્શાવેલ હોય (જેના આધારે પાત્રતા નક્કી કરવાની થતી હોય) અને તેના સમર્થનમાં પ્રમાણપત્રો રજૂ કરેલ ન હોય અથવા તો રજૂ કરેલ પ્રમાણપત્રોમાં તેઓનો અનુભવનો સમયગાળો, મૂળ પગાર, કુલ પગાર અને અનુભવનો પ્રકાર દર્શાવેલ ન હોય તથા સંસ્થાના લેટરપેડ ઉપર પ્રમાણપત્ર ન હોય.